# રીસાયેલા દીકરાને

–વિજય શાહ

તને કદાચ તારું બચપણ યાદ નથી; પણ બચપણમાં તને તારું ધારેલું બધું જ મળ્યું હતું. તેનું કારણ પણ હતું. તું જે માંગતો હતો તે સર્વમાં બાપ તરીકે હું તારા વીકાસની તકો જોતો હતો.

તું મોટો થયો. તારી માંગણીઓ પણ મોટી થઈ. જ્યારે મારી પહોંચ અને સમજ કરતાંય ઘણી મોટી માંગણીઓ તેં કરી, ત્યારે મેં તને સમજાવવાનો પ્રયત્ન કર્યો. તને હું ના કહેવા માંડ્યો, તેમ તું વધુ જીદે ચડ્યો. તારી દલીલ હતી, ‘નાનો હતો ત્યારે તો તમે મને બધું આપતા હતા ! હવે કેમ નહીં ?’

ભાઈ, નાનો હતો ત્યારે તારી માંગણી પણ નાની હતી. તને લેગો ગેમ જોઈતી, બૉલ–બેટ જોઈતાં અને જોઈતી હોય સાયકલ કે સ્કુટી. પણ હવે ભાઈ, તું તો માંગે વાડી, લાડી અને વજીફા ! જે તારા ધાર્યા પ્રમાણે તો કેમ બને ? તને ખબર છે ? લાડી, વાડી અને વજીફા માટે ઘણું વીચારવુ પડે. લાડી સાથે આખી જીન્દગી અને આવનાર વંશજોનું અને અમારા બધાનું ભવીષ્ય જોડાયેલું છે. વાડી અને વજીફા તો આખી જીન્દગી મથે ત્યારે બને અને તેમાંય તારો સહકાર હોય તો જ.

તને ખબર છે, જીન્દગી તો એક ત્રીપાર્શ્વ કાચ(પ્રીઝમ) છે. સુરજનું કીરણ જે ખુણેથી પડે, તે ખુણા પ્રમાણે બીજી બાજુ મેઘધનુષ્ય રચાય. આખી જીન્દગીના પોતાના અનુભવોથી માબાપ, તમારા જીવનમાં સુખનું મેઘધનુષ્ય રચવા મથતાં હોય છે; કારણ કે તે જ તો તેમની મહેચ્છા હોય છે. પણ ભાઈ, તને તો તારા સુખની પડી હતી અને તેં તારો માર્ગ શોધી લીધો. તારી લાડી તેં શોધી લીધી અને તારી વાડી અને વજીફા માટે ઝુઝવા માંડ્યો.

ભલા ભાઈ, તારે માથે હજી ભણતરનું દેવુ છે. બે પાંદડે થઈ તે દુર કર. થોડીક બચત કરી, તારું ઘર લે અને પછી લાડીનો વીચાર કરાય. પણ ના, તું તો રૉકેટ યુગમાં જન્મેલો, તેથી ચટ મંગની અને પટ બ્યાહ. ‘હની’ને ખુશ કરવા ઘર પણ લીધું અને વ્યાજે ધંધો પણ શરૂ કર્યો. જીન્દગીના ત્રીપાર્શ્વ કાચ (પ્રીઝમ) ઉપર જાતે કીરણ બનીને તું પથરાઈ ગયો. હું ઈચ્છું કે ના ઈચ્છું; છતાં તે જ મેઘધનુષ્યના રંગો સાથે તારે જીવવું પડશે કેમ કે ખુણો ખોટો પસંદ કર્યો છે તેં. દાખલામાં પહેલે પદે જ તેં ગુણાકારને બદલે ભાગાકાર કર્યો. ત્યારે જવાબ કેવી રીતે સાચો આવે ?

હું જ્યારે પણ અમેરીકન છોકરીઓના વ્યભીચારો અને છુટાછેડાની વાતો સાંભળું છું, ત્યારે મારું મન એક ધબકારો ચુકી જાય છે. લગ્નજીવનની શીથીલતા કે લે–ઑફની વાતો

મને કાયમ ચીન્તીત કરે છે. તારી સાથે આવું કંઈક થાય તો ? આવે વખતે સંયુક્ત કુટુંબ મોટો હુંફાળો માળો બનતું હોય છે.

હવે મને સમજાય છે, મારા બાપુજીની વ્યથા. તેઓ કહેતા, ‘એકડો અને મીંડુ સાથે હોય તો જે તાકાત હોય, તે તાકાત એકલા એકડાને મેળવતાં દસ ગણો સમય લાગે.’ તેમનું માનીને હું તેઓની સાથે રહ્યો, તેથી દસના એકસો થવામાં વાર ન લાગી. પણ તું તો એકલો થવાનું જ ઝંખે છે. ભારતીય દીકરો થવાને બદલે અમેરીકન દીકરો અને અમેરીકન પતી થવા જાય છે. ખેર, પ્રભુ તને બચાવે; કારણ કે તું મારું જ પંડ છે અને તને દુઃખ પડશે એ વીચારી વીચારીને મને પણ દુઃખ થાય છે. કાં તો અમેરીકન દીકરો અને અમેરીકન પતી થા કાં તો ભારતીય દીકરો અને ભારતીય પતી થા. આ સગવડીયાં પરીબળોથી પડનારાં દુઃખોથી તું ક્યારેક અજંપ થાય, તો માબાપ સમું કોઈ મોટું આશ્રયસ્થાન નથી જગમાં, કે જે તારા સુખે સુખી અને તારા દુઃખે દુઃખી થતાં હોય. હા, તું સુખી હોય તો અમને સુખ જ છે. (પણ મને ખબર છે કે વીટામીન લેવાથી રોગ ના મટે. રોગ મટાડવા દવા–એન્ટીબાયોટીક્સ લેવા પડે.)

ભલે દીકરા, તને પાંખો આવી અને અમારું હૈયું નંદવાયું. છતાંય કહીશ કે દુઃખ આવે ત્યારે તારી જાતને એકલી ના માનીશ. વીના સંકોચે આવજે; કારણ કે બાપ–દીકરામાં મતભેદ હોઈ શકે; મનભેદ ન હોઈ શકે. દરેક પંખીને પાંખો આવે ત્યારે તે માળો છોડે જ છે. તેં માળો છોડ્યો; પણ અમારું હૈયું નંદવીને. ખેર, ઓ રીસાયેલા મારા દીકરા, એક વાત જે તને અગણીત વાર કહી છે, તે ફરી કહીને અટકું. દુઃખ આવે તો ક્યારેય તું તારી જાતને એકલી ના માનીશ. આ ઘર તારું જ છે–આ માબાપ પણ તારાં જ છે.

## પપ્પા, હવે હું મોટો થઈ ગયો છું…

તમે નહીં માનો; પણ પપ્પા, તમને સંયુક્ત કુટુમ્બમાં દાદાજી સાથે ઝુઝતા અને સોસવાતા જોયેલા. હું સમજણો થયો ત્યારથી મેં નક્કી કર્યું હતું કે હું મને કે મારા કુટુમ્બને અને તમને એવી સ્થીતીમાં નહીં મુકું. તમને સંયુક્ત કુટુમ્બમાં એકલા લાભો દેખાતા અને તેથી તમે અમને પણ તે રીતે જીવવાના સંસ્કાર પાડવા મથતા. તમારા કામે ગયા પછી અમારી પરીસ્થીતી શી હતી તે તમને ખબર છે ? અમે તેમના પૌત્ર નહીં; ઉપાધી હતા. અમે મહેમાનોની આગતા–સ્વાગતા માટેના અને ધક્કાધુક્કી માટેના વીના પગારના નોકરો માત્ર હતા. કોઈને અમારી સાથે રમવું નહોતું. દાદાજી અને ઉમંગી ફઈ, મમ્મીને ફાવે તેમ

કહે અને ટૈડકાવે તે તો મને બીલકુલ ન ગમતું. હા, તમે આવો અને મને ગમતાં રમકડાં લાવતા તે મારો અનન્ય આનંદ હતો.

પપ્પા, તમે માનતા કે સંયુક્ત કુટુમ્બમાં અમારું ઘડતર થતું હતું. ના પપ્પા, આજે જ્યારે હું મારું ભારતનું બચપણ જોઉં છું તો મને લાગે છે કે અમે ગુનો કર્યા વીનાના ગુનેગાર હતા. ખાસ તો જ્યારે ઉમંગી ફઈનો અંકીત ઘરે આવે ત્યારે દાજી, દાદી અને ફઈ તેમને માટે જે ચોકલેટ અને આઈસક્રીમ લાવતાં તેમાંથી મને અને નાનકાને ના આપતા ત્યારે મને ખુબ જ ગુસ્સો આવતો. આવો વેરો–આંતરો કેમ ? ઘણી વખતે મેં મમ્મીને ફરીયાદ કરી ત્યારે મમ્મી મને સમજાવતી અને સાંજે બહાર લઈ જઈને આઈસ્ક્રીમ ખવડાવતી; પણ સાથે સાથે તેની આંખોમાં પણ તમારી સામેનો વીદ્રોહ હું જોતો.

ખેર, બચપણ તો વીત્યું. પણ તમે અમને અંગ્રેજી મીડીયમમાં મુક્યા હતા. તેમણે અમને ખ્રીસ્તી રીત–રીવાજ અને આંગ્લ સંસ્કારો આપ્યા અને તેથી જ અમેરીકા આવતાં હું તરત બધું સમજી ગયો. અહીં બધે જ બધી રીતની મુક્તી–સ્વતન્ત્રતા છે. અહીં લોકો પપ્પાને નામથી બોલાવે, કેક અને ચોકલેટ તો છાસ વારે ખાય. પપ્પા, એ બધું સહજતાથી મળવા માંડ્યું અને તમારી બધી વાતો મને પોકળ લાગવા માંડી.

અહીં ‘જેની’ સાથે મન મળ્યું. મમ્મીને વાત કરી તો મમ્મી તો ભડકી ! “જેની તો ભારતીય નથી. ભણવાના સમયે ભણી લો, રોમાન્સ કરવા આખી જીન્દગી પડી છે.” જ્યારે જેનીએ એના પપ્પાને વાત કરી તો એના પપ્પાએ મને તરત જ સ્વીકારી લીધો. મારું મન હવે તેના પપ્પા અને મારા પપ્પા વચ્ચે સરખામણી કરવા લાગ્યું. તેના પપ્પા વધુ સમજણા લાગ્યા. તેનાં દાદી તો ખુબ જ વહાલથી મને રાખતાં. મારા મને મારા દાદી અને જેનીનાં દાદી સાથે ફરી સરખામણી કરી. બધી જ રીતે મને મારા ઘર કરતાં જેનીનું ઘર ચડીયાતું લાગવા માંડ્યું.

કૉલેજના બીજા વર્ષે જેની સાથે રહેવું મને ગમવા માંડ્યું. મમ્મી સાથે તે ફ્રેન્ડલી થાય તે માટે હું તેને ઘરે લઈ આવ્યો. પણ આપણે તો ચુસ્ત બ્રાહ્મણ ! તેથી તે જાણે અસ્પૃશ્ય હોય તેમ હડે હડે થઈ. પપ્પા, તે અમેરીકન એટલે શું તેને માન કે અપમાન ન હોય ? તે પાછી આવીને ખુબ જ રડી અને મને પુછે, ‘આવું કદીયે મારે ત્યાં તને થયું છે ?’ તે રાત્રે હું ખુબ જ રડ્યો અને મમ્મીને ફોન પર કહી દીધું. ‘મમ્મી, તું જેનીને નહીં સ્વીકારે તો હું તને છોડી દઈશ. મારી પાસે બીજો કોઈ વીકલ્પ જ નથી.’..ને તે દીવસે ચેટ ઉપર તમે મને ‘સંસ્કાર અને ફરજો’ સમજાવતા હતા. ભારતીય સંસ્કાર અને ફરજોનાં ભદ્દાં પરીણામો હું જોઈ ચુક્યો હતો. તેથી જ મેં તમને પણ કહી દીધું કે, ‘પપ્પા, તમે ભુતકાળ જુઓ છો; મારે ભવીષ્ય જોવાનું છે.’

અને એ જ ત્રીપાર્શ્વ કાચ પરના ખુણાની તમને જે ચીન્તા હતી તેની સંભાળ જેનીએ રાખી છે. મારા માથેનું ભણતરનું દેવું, મકાનનું દેવું, કારનું દેવું; આજે અમે બન્ને સાથે મળીને ભરીએ છીએ. મારાં લગ્નને ચાર વર્ષ થયાં. હવે મને પડેલાં દુઃખો, મારાં સંતાનને હું નહીં પડવા દઉં. પપ્પા, સાચે જ, હવે હું મોટો થઈ ગયો છું.

**–વિજય શાહ**

સમ્પર્ક:

Vijaykumar Shah, 13727-Eldridge Springs way, Houston- TX- 77083-USA
Phone: 281-564-5116 email: vijaykumar.shah@gmail.com

આ લેખ, લેખક શ્રી વિજય શાહના પ્રસીદ્ધ બ્લોગ ‘વિજયનું ચિંતન જગત’ (મને ગમતી વાતો અને મારી સર્જન પ્રવૃતીઓ)માં તા. 14 નવેમ્બર, 2010ના દીવસે પ્રગટ થયો હતો.

જુલાઈ 2006માં 59મી ‘સન્ડે ઈ–મહેફીલ’માં, શ્રી વિજય શાહની રજુ થયેલી આવી જ એક મઝેની રચના ‘બૉમ્બ બ્લાસ્ટ’ વાંચવા, નીચેની લીંક પર ક્લીક કરશો. લેખકની તસ્વીર અને પરીચય પણ ત્યાં જોવા મળશે:

http://www.gujaratilexicon.com/admin/upload/SeM/59%20%20Bomb%20Blast-Vijay%20Shah-SeM-July%2023%202006.pdf

**લેખકના પ્રકાશીત ગ્રંથો:**

૧. **હું એટલે તમે** - કાવ્યસંગ્રહ–હાલ અલભ્ય, ૨. **અમે પથ્થરના મોર કેમ બોલીએ ?**– વાર્તાસંગ્રહ – ૧૯૮૨, ૩. **તમે એટલે મારું વિશ્વ..** કાવ્યસંગ્રહ – ૧૯૯૬, ૪. **ટહુકા એકાંતના ઓરડેથી** – નવલકથા –૨૦૧૦, ૫. **નિવૃત્તિની પ્રવૃત્તિ**- નિબંધ – ૨૦૧૦

પુસ્તકો મેળવવા માટે લેખકશ્રીનો vijaykumar.shah@gmail.com પર સમ્પર્ક કરવો..

‘સન્ડે ઈ-મહેફીલના’ના આ અંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર ન્યુ જર્સી-અમેરીકાના પ્રસીદ્ધ હાસ્યલેખક ભાઈ શ્રી હરનીશ જાની (harnish5@yahoo.com) નો ખુબ ખુબ આભાર- –બળવન્ત પટેલ અને ઉત્તમ ગજ્જર

**‘સન્ડે ઈ–મહેફીલ’ – વર્ષ: છઠ્ઠું – અંક:** 212 – February 27, 2010

**‘ઉંઝાજોડણી’**માં અક્ષરાંકન: **ઉત્તમ ગજ્જર** - **uttamgajjar@gmail.com**

@@@@@

More than **67,00,000** Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com
More than **6,70,000** have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com
More than **1,00,000** have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com
You too are invited to visit Gujaratilexicon with a new interface.

♦♦♦♦♦♦♦